# ગુજરાત વિદ્યાસભા

અમદાવાદ

સ્થાપના : તા. ૨૬ ડિસેમ્બર, ૧૮૪૮

ज्ञानं परं धीमहि

# ૧૬૮મો
# વાર્ષિક અહેવાલ

વર્ષ : ૨૦૧૬-૧૭

# સંશોધન ક્ષેત્રે ઉત્તમ પ્રદાન માટે ડો. ભારતીબેન શેલતને
# 'ડો. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક' અર્પણ સમારોહ



ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ભારતીબેન શેલત,
શ્રી બાલકૃષ્ણ દોશી અને શ્રી અંબરીષ શાહ



સ્વાગત-પ્રવચન કરતા ગુજરાત વિદ્યાસભાના
મંત્રી શ્રી અંબરીષ શાહ



શ્રી બાલકૃષ્ણ દોશીના હસ્તે ચંદ્રક-અર્પણ સમારોહ



પ્રો. આર. ટી. સાવલિયાનું વક્તવ્ય



ડૉ. ભારતીબેન શેલતનો પ્રતિભાવ

# ગુજરાત વિદ્યાસભા આયોજિત
# શ્રી કે. આર. સંત વ્યાખ્યાનમાળા




'શ્રીકૃષ્ણની કેફિયત' વિશે
વકતવ્ય આપતા
ડૉ. શાંતિકુમાર પંડ્યા



ઉપસ્થિત મહાનુભાવો



ડૉ. કુમારપાળ દેસાઈનું
અધ્યક્ષીય વકતવ્ય

# ગુજરાત વિદ્યાસભા અને ભો.જે. વિદ્યાભવન આયોજિત ''૧૯મા સૈકાનો ગુજરાતી સમાજ'' પર વ્યાખ્યાન




પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટ,
ડૉ. કુમારપાળ દેસાઈ,
ડૉ. ભીખુ પારેખ,
શ્રી નીતિન શુક્લ,
શ્રી આર. ટી. સાવલિયા



ભો. જે. વિદ્યાભવનના
સંગ્રહાલયમાં
ડૉ. ભીખુ પારેખ



ઉપસ્થિત મહાનુભાવો

# ગુજરાત વિદ્યાસભા અને સંલગ્ન સંસ્થાઓની પ્રવૃત્તિઓનો હેવાલ

**સ્થાપના :**

સ્વ. ઍલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સે તા. ૨૬ ડિસેમ્બર ૧૮૪૮ના રોજ આ સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થા ૨૦૧૬ના ડિસેમ્બરમાં ૧૬૮ વર્ષ પૂરાં કરી ૧૬૯માં વર્ષમાં પ્રવેશી ચૂકી છે. આ સંસ્થા સન ૧૮૬૦ના પબ્લિક રજિસ્ટ્રેશન એક્ટ પ્રમાણે તા. ૨૯ સપ્ટેમ્બર ૧૮૮૦ના રોજ રજિસ્ટર્ડ થયેલી છે. બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ મુજબ પણ તેને રજિસ્ટર્ડ કરાવી છે, અને એનો રજિસ્ટર્ડ નંબર એફ-૨૪ છે. એ અંગે ડેપ્યુટી ચેરિટી કમિશનરે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ નંબર ૫૩૨૪ તા. ૨૬-૯-૧૯૫૨ની તારીખનું આપ્યું છે. મુંબઈ સરકારના જાહેરનામાથી આપણી સંસ્થા ૩ ડિસેમ્બર ૧૯૫૩થી પબ્લિક ટ્રસ્ટ કૉન્ટ્રિબ્યૂશન ફંડના ભરણામાંથી મુક્ત ગણાઈ છે.

**ઉદ્દેશ :**

**ગુજરાતી ભાષા-સાહિત્યનો ઉત્કર્ષ કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી એ ગુજરાત વિદ્યાસભાનો ઉદ્દેશ છે.**

આ ઉદ્દેશ પાર પાડવા કેળવણી અને વિદ્યાવૃદ્ધિને ઉત્તેજન આપે એવા ટ્રસ્ટ ફંડ સ્વીકારી એનો વહીવટ કરવામાં આવે છે. ''બુદ્ધિપ્રકાશ'' માસિક ચલાવવામાં આવે છે. ગુજરાતી ભાષા અને સાહિત્યની સમૃદ્ધિ વધારવા ઉપયોગી પુસ્તકો તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ દ્વારા સંસ્કૃત પાઠશાળા, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ, (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), શ્રી ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન તથા ગુજરાતની પ્રથમ કન્યાશાળા રા.બ. રણછોડલાલ છોટાલાલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા પણ ચલાવવામાં આવે છે. તદ્ઉપરાંત બીજી અનેક રીતે ગુજરાતમાં સ્વભાષા દ્વારા કેળવણી, સંસ્કાર તેમજ જ્ઞાનનો વધારો થાય તેવો પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાત વિદ્યાસભા, શ્રી ભો. જે. વિદ્યાભવન, સ્વ. કેશવહર્ષદ ધ્રુવ, શ્રી હ.કા. આર્ટ્સ કૉલેજ, અને શ્રી હ.કા. કોમર્સ કૉલેજના સમૃદ્ધ પુસ્તકાલયો નિભાવવામાં આવે છે અને પ્રાચીન હસ્તપ્રતોનો ભંડાર તથા ભારતીય સંસ્કૃતિ અંગેનું પુરાતત્ત્વ સંગ્રહાલય પણ જળવાય છે.

**આપણી સંસ્થા વિદ્યાવૃદ્ધિના ક્ષેત્રમાં કાર્ય કરનાર જાહેર સંસ્થા હોઈ એને અપાતાં દાન આવકવેરાની કલમ ૮૦જી મુજબ આવકવેરામાંથી મુક્ત ગણાય છે.**

**સભાસદો :**

સંસ્થાના નોંધણીપત્રક મુજબ ૧૬૧ આજીવન સભાસદો છે. જેમાં અમદાવાદના ૮૩, બહારગામના ૪૫ અને વિદેશના ૪ સભ્યો છે.

હેવાલવાળા વર્ષમાં કોઈ વાર્ષિક સભાસદ નોંધાયા નથી અને માનાર્હ સભ્યપદ પણ કોઈને આપ્યું નથી.

**કાર્યાલય**

ગુજરાત વિદ્યાસભાની ઑફિસ શ્રી એચ.કે. કૉલેજ કેમ્પસમાં ચાલે છે. ગુજરાત વિદ્યાસભાના કર્મચારીઓમાં

એક મુખ્ય હિસાબનીસ, એક પટાવાળો અને એક પગી છે.

## પ્રેમાભાઈ હોલ

ગુજરાત વિદ્યાસભાની પોતાની ૧૫૪૪ (૯૦૨ + ૬૪૨) ચો. વાર જેટલી જમીન હતી તેમાં એકવાયર કરેલી ૧૯૧૫.૧૦ ચો. વાર જેટલી જમીનનો વધારો થતાં કુલ જમીન ૩૪૫૯.૧૦ ચો. વાર જેટલી થાય છે. પરંતુ ૧૭૭-૭૦ ચો. વાર જેટલી જમીન કપાતમાં ૩૨૮૧-૪૦ ચો. વાર જમીન રહે છે.

## કારોબારી સમિતિ અને સામાન્ય સભા

હેવાલવાળા વર્ષમાં કારોબારી સમિતિની ૩ બેઠક મળી હતી અને સામાન્ય સભાની ૨ બેઠક મળી હતી.

## વિવિધ સમિતિઓ

### ઉપસમિતિની રચના કરવા અંગે

ટ્રસ્ટના સરળ વહિવટ માટે નીચે પ્રમાણેની ઉપસમિતિની રચના કરવામાં આવી છે :

### (૧) શ્રી ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ કમિટી

૧. પોલોમીબેન રાજીવભાઈ લાલભાઈ
૨. સુભાષભાઈ વી. બ્રહ્મભટ્ટ
૩. હસમુખભાઈ સી. પટેલ

### (૨) બુદ્ધિપ્રકાશ – લાયબ્રેરી – પુસ્તક પ્રકાશન

૧. મધુસૂદન હીરાલાલ પારેખ
૨. સુરેશભાઈ કૃપાશંકર શુક્લ
૩. મદનમોહન બી. વૈષ્ણવ
૪. પ્રફુલ્લભાઈ એન. મહેતા.
૫. આમંત્રિત સભ્ય : રમેશભાઈ બી. શાહ

### (૩) એકેડેમીક કમીટી

૧. અંબાલાલ એમ. પટેલ
૨. આરઈમતીબેન દાવર
૩. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ
૪. પુરુષોત્તમદાસ પટેલ
૫. બિપીનભાઈ સી. શાહ

### (૪) માતૃભાષા સંવર્ધન કમિટી

૧. પુરુસોત્તમદાસ પટેલ
૨. મદનમોહન વૈષ્ણવ
૩. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ

### (૪) રા.બ.ર.છો. કન્યાશાળા કમિટી

૧. પુરુષોત્તમદાસ પટેલ
૨. અંબાલાલ એમ. પટેલ
૩. આરમઈતીબેન દાવર
૪. પ્રફુલ્લભાઈ એન. મહેતા

## (૫) ગુજરાત વિદ્યાસભા ઈમારત અને વિકાસફંડ કમિટી

૧. પ્રમુખશ્રી
૨. માનાર્હ મંત્રીશ્રી
૩. હસમુખભાઈ પટેલ
૪. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ

ઉપર્યુક્ત કમિટીઓમાં પ્રમુખ અને માનાર્હમંત્રીશ્રી હોદ્દાની રૂએ સભ્ય ગણાશે.

## વ્યાખ્યાનો અને અન્ય કાર્યક્રમો

### (૧) ''ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક'' અર્પણ સમારોહ

ગુજરાત વિદ્યાસભાને પ્રકાશન, વ્યાખ્યાનશ્રેણી, સંશોધન, શિષ્યવૃત્તિઓ અને વિદ્વાનોને સન્માનવા માટેના ચંદ્રકો માટે દાન મળેલ છે.

ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ, તત્ત્વચિંતન, શિક્ષણ અને સંશોધનક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનારને ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક' અર્પણ કરવામાં આવે છે. ૨૦૧૫નો આ સુવર્ણચંદ્રક જાણીતા સંસ્કૃતના જ્ઞાતા અને અભિલેખવિદ્ ડૉ. ભારતીબેન શેલતને ૧૩મી ઑક્ટોબર ૨૦૧૬ના રોજ યુ.જી.સી. કોન્ફરન્સ રૂમ, એચ.કે. કૉલેજ કેમ્પસ, અમદાવાદ ખાતે એનાયત કરવામાં આવ્યો.

કાર્યક્રમના આરંભે આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે ભારતીબહેનનો વિગતે આત્મીયભાવે પરિચય કરાવ્યો, માનાર્હ મંત્રીશ્રી અંબરિષભાઈએ સૌનું સ્વાગત કર્યું.

ત્યારબાદ વિદ્યાસભા દ્વારા આપવામાં આવેલ સન્માનપત્ર – અભિનંદન પત્ર ડૉ. નલીનીબહેન દેસાઈએ વાંચી સંભળાવ્યો અને સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈએ ભારતીબહેનના બહુમુખી પ્રદાનની સંક્ષેપમાં નોંધ લીધી અને સંસ્થાના પ્રમુખશ્રી બાલકૃષ્ણ દોશી સાહેબ દ્વારા સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો.

ડૉ. ભારતીબહેને પોતાના પ્રતિભાવનાં પોતાના બે વિદ્વાન ગુરુઓ શ્રી રસિકલાલ પરીખ અને શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીને ભાવપૂર્વક યાદ કર્યા. અંતમાં ભો.જે. વિદ્યાભવનના નિયામકશ્રી આર.ટી.સાવલિયાએ આભારવિધિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નલિનીબહેન દેસાઈએ કર્યું.

### (૨) કે.આર.સંત વ્યાખ્યાન

આ વર્ષનું કે.આર. સંત વ્યાખ્યાન જાણીતા વિદ્વાન અધ્યાપક શ્રી શાંતિકુમાર પંડ્યાએ **''શ્રી કૃષ્ણની કેફિયત''** વિશે તા. ૨૯-૧૧-૨૦૧૬ના રોજ સેમિનાર ખંડ, એચ.કે. કૉલેજ કેમ્પસ ખાતે આપવામાં આવ્યું.

આરંભમાં સંસ્થાના પૂર્વ માનાર્હ મંત્રીશ્રી એ.એમ. પટેલે સૌનું સ્વાગત કરી સંત સાહેબને ભારતીય સંસ્કૃતિ અને સંશોધનક્ષેત્રે કેવો ઊંડો રસ હતો તેમજ સંસ્થાને આપેલ દાનનો ઉલ્લેખ કર્યો. ડૉ. પી.જી.પટેલે પુષ્પ છડીથી અને પ્રો. સુરેશભાઈ શુક્લે પુસ્તક દ્વારા વક્તાનું સન્માન કર્યું ત્યારબાદ પ્રો. શાંતિકુમાર પંડ્યાએ એમના વ્યાખ્યાનમાં શ્રીકૃષ્ણની કેફિયત રજૂ કરતાં કહ્યું કે : 'શ્રીકૃષ્ણ પરીક્ષિતને સજીવન કરવા માટે છ શ્લોક બોલે છે એ જ એમની પ્રભાવક કેફિયત છે. આ શ્લોકો જ એમની સંજીવની ગીતા છે. એ કેફિયત વક્તાએ સરસ રીતે સમજાવી હતી.

સંસ્થાના ઉપપ્રમુખ અને સમારંભના અધ્યક્ષ ડૉ. કુમારપાળ દેસાઈએ સમાપન કરતાં જણાવ્યું કે શ્રીકૃષ્ણનાં અનેક રૂપ છે. મૃત્યુ અને સંહારની વચ્ચે ઊભા રહીને એ અમૃત અને શાશ્વતીનું દર્શન આપે છે. અંતમાં પ્રો.

મદનમોહન વૈષ્ણવે સૌનો આભાર માન્યો હતો અને નલિનીબહેન દેસાઈ સરસ સંચાલન કર્યું હતું.

## (૩) દર્શક ઇતિહાસનિધિ અને ભો.જે. વિદ્યાભવન આયોજિત ૧૯મા સૈકાનો ગુજરાતી સમાજ (દ્વિ-દિવસીય રાજ્યસ્તરીય સેમિનાર)

ગુજરાત વિદ્યાસભાના ઉપક્રમે ઉપર્યુક્ત ૧૯મા સૈકાનો ગુજરાતી સમાજ અંગેનો બે-દિવસનો સેમિનાર તા. ૨૬ અને ૨૭ નવેમ્બર, ૨૦૧૬ના રોજ એચ.કે.કૉલેજ કેમ્પસમાં ઉજવાઈ ગયો. એની સંક્ષેપ વિગત :

તા. ૨૬મી નવેમ્બરના સવારે ૯ વાગ્યે અધ્યક્ષ હસમુખ શાહ, મુખ્ય મહેમાન શ્રી બી.વી. દોશી, અતિથિ વિશેષ કુમારપાળ દેસાઈની રાહદારી હેઠળ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન જાણીતા શ્રી ભીખુ પારેખના હસ્તે થયું. તેમાં આર.ટી. સાવલિયાએ સ્વાગત અને સુભાષ બ્રહ્મભટ્ટે આભારવિધિ કરેલી. તે પછી-

**પ્રથમ બેઠક :** (૧૦-૪૫ થી ૧-૩૦ વાગ્યે)

(૧) બીજ વક્તવ્ય શ્રી મકરંદ મહેતા ''૧૯મા સૈકાનું ગુજરાત : પરિવર્તનનાં પ્રવાહો અને દિશાઓ''.
(૨) ચંદ્રકાન્ત મહેતા : સમાજજીવન ગુજરાતી ભાષા અને સાહિત્યસર્જન
(૩) અચ્યુત યાજ્ઞિક : પરંપરા, પરિવર્તન અને ઘર્ષણ, 'સુધારાવાદી' અને 'પુનરુત્થાનવાદી'
(૪) આર.ટી. સાવલિયા : ૧૯મી સદીમાં શિલ્પ અને ચિત્રકલાનું સર્જન.

ઇત્યાદિ વિષયક વિચારો રજૂ કર્યા.

**બીજી બેઠક :** (બપોરે ૨-૩૦ થી ૫-૦૦)

(૧) હેમન્ત દવે : ૧૯મી સદીનાં ધાર્મિક પ્રવાહો.
(૨) શીરીન મહેતા : ૧૯મી સદીનું નારીજીવન – સમસ્યાઓ, ઉકેલો અને દિશાઓ.
(૩) અરૂણ વાઘેલા : ૧૯મી સદીનો આદિવાસી સમાજ.
(૪) રિઝવાન કાદરી : ૧૯મા સૈકાનાં રાજકીય પ્રવાહો.
(૫) વિદ્યુત જોષી : ૧૯મી સદીનો સમાજ મારી દૃષ્ટિએ : સમીક્ષા

વક્તવ્યો રજૂ કર્યા હતા.

**ત્રીજી બેઠક :** (સવારે ૯-૦૦ થી ૧૧-૦૦)

(૧) સુભાષ બ્રહ્મભટ્ટ : ૧૯મી સદીની નાટ્યપ્રવૃત્તિ.
(૨) સિતાંશુ યશશ્ચંદ્ર : ૧૯મી સદીમાં ગુજરાતમાં વિકસેલા શૈક્ષણિક અને બૌદ્ધિક પ્રવાહો - સંદર્ભો અને ઉપલબ્ધિઓ.
(૩) કુંજલતા શાહ : ૧૯મી સૈકાનાં ગુજરાતના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં પારસીઓનું પ્રદાન.
(૪) જગદીશ ચૌધરી : ગુજરાતના સમાજ સુધારાના આંદોલનમાં મહિપતરામ નીલકંઠ અને પાર્વતીકુંવરનું પ્રદાન.

**ચોથી બેઠક :** સવારે ૧૧-૧૫ થી ૧-૩૦ કલાકે)

(૧) ચંદ્રકાન્ત શેઠ : પરંપરા અને પરિવર્તન ૧૯મી સદીનું મૌખિક અને પદ્ય સાહિત્ય.
(૨) ઘનશ્યામ શાહ : ૧૯મા સૈકાનો ગુજરાતી સમાજ – મારી દૃષ્ટિએ.

(૩) થોમસ પરમાર : ૧૯મી સદીનું સ્થાપત્ય.

**પાંચમી છેલ્લી બેઠક :** (બપોરે ૨-૩૦ થી ૪-૦૦)

(૧) એસ. વી. જાની : સૌરાષ્ટ્રનાં બહારવટિયા.
(૨) ફાલ્ગુની પરીખ : ૧૯મી સદીનાં સમાજ સુધારકો વિચારસરણી અને પ્રવૃત્તિ.
(૩) પ્રીતિ પંચોલી : સંગીત
(૪) પ્રદીપ ખાંડવાલા : વેલીડિક્ટરી વ્યાખ્યાન - સાંસ્થાનિક ઢાચામાં ગુજરાતમાં પાંગરેલાં સર્જનાત્મક તત્ત્વો - વારસો.

સમગ્ર સેમિનાર રસપ્રદ, જ્ઞાનવર્ધક અને ઉચ્ચ કક્ષાનો રહ્યો.

## (૪) ગ્રંથ વિમોચન : દસ્તાવેજ સંગ્રહ

ગુજરાત વિદ્યાસભા આયોજિત ડૉ. રસીલાબહેન કડિયા દ્વારા સંશોધિત 'દસ્તાવેજ સંગ્રહ' ગ્રંથનો વિમોચન સમારંભ તા. ૧૦-૧૨-૨૦૧૬ના રોજ એચ.કે. કેમ્પસ, અમદાવાદ ખાતે સાંજનાં પાંચ વાગ્યે યોજાયો હતો. તેમાં પ્રમુખ સ્થાને શ્રી બાલકૃષ્ણ દોશી હતા અને વિમોચન ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું. ભારતીબહેન શેલત અને વર્ષાબહેન ગાંગુલીએ વક્તવ્યો આપ્યાં હતાં અને શ્રીમતી રસીલાબહેન કડિયાએ પ્રતિભાવ આપેલો. આ ગ્રંથ ગુજરાત વિદ્યાસભાએ પ્રકાશિત કરેલ છે.

## (૫) આરાધ્ય સન્માન : ૨૦૧૬

દેશ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શિક્ષણ, આરોગ્ય, કલા, સંગીત, સ્થપતિ અને માનવજગતના કલ્યાણ માટે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર મહાનુભાવોને ન્યુ દિલ્હીની AKS સમિતિ દ્વારા દર વર્ષે બહુમાન કરવામાં આવે છે.

તા. ૧૬ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ માનનીય મંત્રીશ્રી ગણપત વસાવા, માનનીયમંત્રી ડૉ. નિર્મલા સુનીલ વાધવાણી, જાણીતા ફિલ્મ એક્ટર અને પદ્મશ્રી સંસદસસભ્ય પરેશ રાવલ, ડૉ. એસ.કે. નંદા (IAS) શ્રી એચ.કે. દાસ (IAS)ના સાન્નિધ્યમાં સર્વશ્રી ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ અને જાણીતા આંતરરાષ્ટ્રીય સ્થપતિ પદ્મશ્રી બાલકૃષ્ણ દોશી, કથક ડાન્સમાં મૂલ્યવાન ફાળો આપનાર જાણીતા પદ્મભૂષણ કુમુદિની લાખિયા, વિશ્વપ્રસિદ્ધ પેન્ટર શ્રી અમીત અંબાલાલ, જાણીતા ગુજરાતી સાહિત્યકાર, પત્રકાર, જૈનસાહિત્યના અગ્રણી અને ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, સિતાર નિષ્ણાત સંગીતરત્ન શ્રીમતી મંજુ મહેતાનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું. આ સૌ મહાનુભાવોને કોટી કોટી અભિનંદન.

## (૬) ગુજરાત વિદ્યાસભા સ્થાપના દિન વિદ્યાપર્વ

સંસ્થાના સ્થાપના દિન નિમિત્તે તા. ૨૬ અને ૨૭ ડિસેમ્બર, ૨૦૧૬ દરમિયાન એચ.કે. કૉલેજ કેમ્પસના શેઠ ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહમાં રાત્રે પ્રમુખ બાલકૃષ્ણ દોશી અને માનાર્હમંત્રી અંબરીષ શાહના સાન્નિધ્યમાં વિદ્યાપર્વની ઉજવણી કરવામાં આવી. તા. ૨૬મી ડિસેમ્બરે શ્યામલ-સૌમિલના સહયોગથી મારી માતૃભાષા : મારાં ગીત ગઝલ 'બારમાસી વૈભવ'ની ગીતસંધ્યા રજૂ થઈ અને જાણીતા ઇતિહાસવિદ્ ડૉ. મકરંદ મહેતાએ 'વિદ્યાસભાની વિકાસયાત્રા' ઉપર માનનીય પ્રવચન રાખવામાં આવેલ.

બીજા દિવસે તા. ૨૭-૧૨-૨૦૧૬ના રોજ ત્રિવેણી વડોદરાના સંયુક્ત સહયોગમાં શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી કુમારપાળ દેસાઈનું અભિવાદન તથા અટપટા દાવની પેચીદી રમત 'બંધબારણે' (ગુજરાતી નાટક) ભજવવામાં આવ્યું. બન્ને દિવસોના કાર્યક્રમની મજા પ્રેક્ષકોએ માણી.

# રા. બ. રણછોડલાલ છોટાલાલ માધ્યમિક અને ઉચ્ચતર કન્યાશાળા

## અમૃતલાલની પોળ, ખાડિયા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : ૨૨૧૪૩૫૦૫

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ ગર્લ્સ હાઈસ્કુલ ખાડિયા વિસ્તારમાં માત્ર કન્યાઓને જ કેળવણી આપતી એક માત્ર શાળા છે. શાળાની સ્થાપના ઈ.સ. ૧૮૯૨માં થઈ હતી. આમ ૧૨૪ વર્ષથી સતત કાર્યરત રહી ૧૨૫ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. ખાડિયા વિસ્તારના મધ્યમવર્ગના કુટુંબો માટે ખૂબ જ અગત્યની સંસ્થા છે.

સંસ્થાનું ધ્યેય : વિદ્યાર્થિનીઓનો સર્વાંગી વિકાસ કરી જીવન નિર્વાહ કરવા સક્ષમ બનાવવી.

શાળા આ ધ્યેયને ધ્યાનમાં રાખી વર્ષ દરમ્યાન વિવિધ શૈક્ષણિક અને બીન શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગુજરાત વિદ્યાસભા ટ્રસ્ટ તથા શિક્ષકો તરફથી વિવિધ ઈનામો આપી બાળાઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓની આછી ઝલક....

**બોર્ડ પરિણામો :** ધોરણ ૧૦ : ૮૧.૧૫%
ધોરણ ૧૨ : ૮૯.૧૩%

જૂન - ૨૦૧૬ : કન્યા કેળવણીના ઉત્તેજન માટે શાળા પ્રવેશોત્સવ, વર્ગપ્રતિનિધિ શાખા કારોબારીની રચના, વિશ્વ યોગદિનની ઉજવણી.

જુલાઈ - ૨૦૧૬ : વાર્ષિક પરિણામ સારું આવે તે માટે દર શનિવારે ''૦'' તાસમાં ૨૫ ગુણની અઠવાડિક પરીક્ષાઓ. સર્વગ્રાહી મૂલ્યાંકનની સમજૂતી માટે વાલી મિટિંગ. વાલી મંડળની રચના.

ઑગસ્ટ - ૨૦૧૬ : ધોરણ ૯, ૧૦ માટે FA-1, FA-2, પ્રોજેક્ટ વર્ક, ધોરણ ૧૧, ૧૨ માટે એસાઈમેન્ટ પ્રવૃત્તિઓ. ક્રાંતિ રેલી. ખાડિયાના ઈતિહાસ-સ્થળોની મુલાકાત.

સપ્ટેમ્બર - ૨૦૧૬ : જ્ઞાન સપ્તાહની ઉજવણી. પ્રથમ કસોટી : ૨૧-૯-૨૦૧૬ થી ૧-૧૦-૨૦૧૬ સુધી.

ઑક્ટોબર - ૨૦૧૬ : વિજ્ઞાન મેળો : ગુડ બેક્ટેરિયા. ગાયત્રી પરિવારની મદદથી આધ્યાત્મિક પરીક્ષા. શાળાકીય પરિણામો તથા વાલી દિન. વાલી સંપર્ક - સૂચનો.

નવેમ્બર - ૨૦૧૬ : દિવાળી વેકેશન : પ્રવૃત્તિઓનું આયોજન.

ડિસેમ્બર - ૨૦૧૬ : ધોરણ ૯, ૧૦ માટે FA-3, FA-4, પ્રોજેક્ટ વર્ક. ધોરણ ૧૧, ૧૨ માટે એસાઈમેન્ટ પ્રવૃત્તિઓ. પરિણામ સુધારણા અંતર્ગત અઠવાડિક પરીક્ષાઓ શરૂ. ધોરણ ૧૦, ૧૨ બૉર્ડ પરિણામ સુધારણા તથા પરીક્ષાઓ માટે વાલી દિન. મોટીવેશન કાર્યક્રમ : ધોરણ ૧૦, ૧૨ માટે. પ્રવાસ : પાવાગઢ, પોઈચાનું આયોજન.

જાન્યુઆરી - ૨૦૧૭ : પ્રિ-પ્રીલિમિનરી પરીક્ષા : ૧૯-૧-૨૦૧૭ થી ૨૭-૧-૨૦૧૭. પ્રીલિમિનરી પરીક્ષા : ૩૦-૧-૨૦૧૭ થી ૮-૨-૨૦૧૭ નું આયોજન.

ફેબ્રુઆરી - ૨૦૧૭ : પ્રિબૉર્ડ પરીક્ષા : ૨૦-૨-૨૦૧૭ થી ૨૭-૨-૨૦૧૭. SVS કક્ષાની P.T./Com. પરીક્ષા.

માર્ચ - ૨૦૧૭ : બૉર્ડ પરીક્ષા. શુભેચ્છા સંદેશ કાર્યક્રમ. ઇનામ વિતરણ. આંતરિક મૂલ્યાંકન.

એપ્રિલ - ૨૦૧૭ : વાર્ષિક પરીક્ષા અને પરિણામ.

**સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

જૂન - ૨૦૧૬ : કન્યા કેળવણીના ઉત્તેજન માટે શ્રી રાઘવજી માધડ (જાણીતા લેખક)ની હાજરીમાં શાળા પ્રવેશોત્સવની શાનદાર ઉજવણી. વિશ્વ યોગદિનની ઉજવણી, યોગનું મહત્ત્વ સમજાવ્યું. વર્ગ પ્રતિનિધિ તથા શિસ્ત પ્રાર્થના જેવી સમિતિઓની રચના. વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવવાનો કાર્યક્રમ.

જુલાઈ - ૨૦૧૬ : આધારકાર્ડની કામગીરી, શેરબજાર માટે સે.બી.ના સહયોગથી કાર્યશિબિર. C.E.E.ના સહયોગથી સ્વચ્છાગ્રહ પ્રોગ્રામ. ગૌરીવ્રતની ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન. ગુરુપૂજન, બાળાઓને ચોપડા, ડ્રેસનું વિતરણ. ગાયત્રી પરિવાર તરફથી ''યાદ રાખવા'' માટે માર્ગદર્શન. ડૉ. નિરવભાઈ દ્વારા 'જીવન જીવવાની કળા' વિશે માર્ગદર્શન. વાલીદિન તથા ડીજીટલ ઇન્ડિયા અંતર્ગત સેમિનાર.

ઓગસ્ટ - ૨૦૧૬ : ટુડે પેનના સહયોગથી બોર્ડ : ધો. ૧૦ના પ્રત્રમ ત્રણ ક્રમાંક ધરાવતી બાળાઓનું સન્માન. સામૂહિક ધ્વજવંદન, નિબંધ સ્પર્ધા, વૃક્ષારોપણ કાર્યક્રમ. 'આઝાદી-૭૦' ''યાદ કરો કુરબાની'' પખવાડિયાની ઉજવણી અંતર્ગત સ્વાતંત્ર્યતાની ચળવળમાં ખાડિયાના ફાળાનું P.P.T. દ્વારા નિદર્શન. ખાડિયાના ઐતિહાસિક સ્થળોની મુલાકાત માટે ક્રાંતિ રેલી. શ્રી ગિરિશભાઈ ગુપ્તાજીની આગેવાનીમાં.

સપ્ટેમ્બર - ૨૦૧૬ : જ્ઞાન સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન. વિવિધ તહેવારોની ઉજવણી. ખેલ મહાકુંભમાં શાળાની ૭૬ બાળાઓએ ભાગ લીધો. સ્વચ્છતા અભિયાન. શિક્ષકદિનની ઉજવણી. સમૂહવાંચન.

ઑક્ટોબર : વિજ્ઞાન મેળો : ગુડ બેક્ટેરિયા : કુદરતી રોગ પ્રતિકારક શક્તિ. કલા ઉત્સવ અંતર્ગત ચિત્ર સ્પર્ધા, સંગીતસ્પર્ધા. નવરાત્રીમાં ગરબા હરીફાઈ. સુંદર તાલબદ્ધ રમતી બાળાઓને શાળા તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કાર આપવામાં આવ્યા. ૭૩ બાળાઓએ ગાયત્રી પરિવાર તરફથી લેવાતી પરિક્ષામાં ભાગ લીધો. ગીતાબેન ઠાકરશીભાઈ નિવૃત્ત શિક્ષકોનો બાળા-સ્ટાફ વતી સન્માન સમારંભ.

નવેમ્બર - ૨૦૧૬ : I.I.M.A.ની મુલાકાત. A.M.C. ના હેલ્થ વિભાગના સહયોગથી જનજાગૃતિ માટે ''સ્વચ્છતા રેલી'' સ્વચ્છતા કાર્યક્રમ દેસાઈની પોળમાં. બેટી-બચાવો, મા-બાપ વગેરે વિશે રસપ્રદ સમજૂતી આપતો શ્રી મહેશભાઈ પટેલનો કાર્યક્રમ. નોટબંધી અંતર્ગતે નોટોની ફેરબદલી વિશે SEBIના શ્રી મયુરભાઈનું વક્તવ્ય. A.M.C.ના સહયોગથી બધી બાળાઓના આરોગ્યની તપાસ.

ડિસેમ્બર - ૨૦૧૬ : સ્વચ્છાગ્રહ પ્રોજેક્ટ અંતર્ગત ચોપડીઓની વહેંચણી, પ્રયોગ, માર્ગદર્શન. ધોરણ ૧૦ અને ૧૨ની બાળાઓને મોટીવેશન આપવા કાર્યક્રમનું આયોજન, વાલીદિન. પ્રકૃતિનું દર્શન - અનુભવ કરવા પાવાગઢ - પોઈચા પ્રવાસનું આયોજન ૩ બસ અને બધા શિક્ષકો. વર્ષનો છેલ્લો દિવસ : સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટક, ડાન્સનો પ્રોગ્રામ.

જાન્યુઆરી - ૨૦૧૭ : A.E.I. શ્રી જીતેન્દ્રભાઈ જાડેજા સર દ્વારા શાળાનું વાર્ષિક નિરીક્ષણ : શાળાના

મકાનની નોંધ મૂકી. આયુર્વેદિક - હોમિયોપેથિક સારવારની સમજૂતી. માતૃભાષાનું મહત્ત્વ, પ્રશ્ન પૂછવાની કળાની સમજૂતી આપતા પ્રોગ્રામ. શાળાની બાળાઓ સાથે પતંગોત્સવ ઉજવાયો. બાળાઓને દોરી, પતંગ, સીંગચીકી, તલચીકી, માવાની ચિકીનું વિતરણ કરવામાં આવ્યું. ૬૦મી ઑલ ઇન્ડિયા કોન્ફરન્સ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ, અને 'બેટી વધાવો'. મશાલ સેરેમનીમાં શાળાની ૪૮ બાળાઓએ ભાગ લીધો.

ફેબ્રુઆરી - ૨૦૧૭ : પ્રીલિમિનરી પરીક્ષા, SVS કક્ષાની પરીક્ષા. પાપા ટ્રસ્ટ તરફથી બાળાઓએ ભેગી કરી આપેલી દોરીના સર્ટિફિકેટ આપ્યા. સિનિયર ક્લાર્ક રૂપલબેન શાહનો વિદાય સમારંભ સ્ટાફ તરફથી.

માર્ચ - ૨૦૧૭ : ધો. ૧૦, ૧૨ની બાળાઓને શુભેચ્છા સંદેશ કાર્યક્રમ અને ઈનામ વિતરણ ડૉ. મૃગેશ વૈષ્ણવ અને મયુર દવેના પ્રમુખપદે. શાળાના મકાન માટે ''સ્નેહ મિલન'' કાર્યક્રમ અંતર્ગત ભૂતપૂર્વ શિક્ષકો અને વિદ્યાર્થિનીઓનું મિલન. બોર્ડની બાળાઓને ગૃપફોટો, રીસીપ્ટ, સફળતાના સૂચનો, ફોલ્ડરનું વિતરણ. બૉર્ડ પરીક્ષા - આંતરિક મૂલ્યાંકન સબમીટ.

એપ્રિલ - ૨૦૧૭ : વાર્ષિક પરીક્ષાઓ શરૂ. ગુજરાત રાજ્ય સ્થાપના દિન અંતર્ગત ''શિક્ષકદિન''ની ઉજવણી. સંકલ્પપત્ર, સૂત્રો, સ્વચ્છાગ્રહ પ્રોજેક્ટમાં વિજેતા બાળાનું સન્માન, ક્વીઝ સ્પર્ધા. પરિણામ.

કા. આચાર્ય
**શ્રી વિમલભાઈ શાહ**

*

## રા. બ. રણછોડલાલ છોટાલાલ પ્રાથમિક કન્યાશાળા

### દેસાઈની પોળ, ખાડિયા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : ૨૨૧૪૭૮૯૧

ગુજરાત વિદ્યાસભા સંચાલિત શ્રી આર.બી.આર.સી. પ્રાથમિક શાળા, ખાડિયા વિસ્તારના હાર્દસમી આજે પણ ધમધમી રહી છે. તેની સ્થાપના ઈ.સ. ૧૮૯૨માં કરવામાં આવી હતી. કન્યા-કેળવણીને પ્રોત્સાહન આપતી શાળા ખૂબ જ સરસ રીતે ચાલે છે. જુ.કેજી.થી લઈને ધોરણ-૮ સુધીના વર્ગો પ્રાથમિક શાળામાં ચાલે છે. બાળકોમાં રહેલી છૂપી શક્તિઓને બહાર લાવવા તથા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓનો સર્વાંગી વિકાસ થાય તે અર્થે દર વર્ષે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ તથા હરીફાઈનું આયોજન કરવામાં આવે છે.

તા. ૧૩-૬-૨૦૧૬ : વર્ગ-મોનિટર તથા પ્રતિનિધિની ચૂંટણી દરેક વર્ગમાં કરવામાં આવી હતી.

ગૌરીવ્રત નિમિત્તે નીચેની હરીફાઈ કરવામાં આવી હતી.

તા. ૧૫-૭-૨૦૧૬ : મહેંદી હરીફાઈ યોજવામાં આવી હતી તથા ચાંલ્લા હરીફાઈ પણ કરવામાં આવી હતી.

તા. ૧૬-૭-૨૦૧૬ : કેશગૂંફન હરીફાઈ.

તા. ૧૮-૭-૨૦૧૬ : આરતી સુશોભન તથા વેશભૂષા હરીફાઈ.

તા. ૧૯-૭-૨૦૧૬ : વન મિનિટ હરીફાઈ.

જુ.કેજી. થી ધોરણ ૮ સુધીના તમામ બાળકોએ ઉત્સાહભેર હરીફાઈમાં ભાગ લીધો હતો.

તા. ૩૦-૭-૨૦૧૬ : ધો. ૧ થી ૪ માટે સુલેખન સ્પર્ધા તથા ધો. ૫ થી ૮ માટે કાવ્ય, વાર્તાલેખન સ્પર્ધા.

તા. ૧૩-૮-૨૦૧૬ : શાળામાં સ્વાતંત્ર્યદિન નિમિત્તે ૧૮૫૭ના વિપ્લવને લગતા ચિત્રો વિશે. ચિત્રસ્પર્ધાનું આયોજન થયું હતું.

તા. ૬-૯-૨૦૧૬ : પાંચમી સપ્ટેમ્બર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતીની યાદમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરાઈ હતી.

તા. ૧૫-૧૦-૨૦૧૬ : ગાયત્રી પરિવાર તરફથી લેવામાં આવતી ભારતીય સંસ્કૃતિની પરીક્ષાનું આયોજન શાળા કક્ષાએ કરવામાં આવ્યું હતું.

તા. ૨૬-૧૦-૨૦૧૬ : 'વેસ્ટમાંથી બેસ્ટ' હરીફાઈ.

તા. ૨૭-૧૦-૨૦૧૬ : 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત શાળામાં 'વર્ગસફાઈ' તથા 'વર્ગસુશોભન' હરીફાઈ કરવામાં આવી હતી.

તા. ૧૭-૧૨-૨૦૧૬ : શ્રેણી - ૧, ૨ : ચિત્ર પરથી શબ્દ ઓળખ હરીફાઈ. શ્રેણી-૩ : શબ્દના છેલ્લા અક્ષર પરથી શબ્દ બનાવવો. શ્રેણી - ૪ : આપેલ મૂળાક્ષર પરથી વધુમાં વધુ શબ્દો બનાવવા. શ્રેણી-૫ : વાક્ય અંતાક્ષરી. શ્રેણી-૬ : ક્રાંતિકારોની ઓળખ તથા જિલ્લા ઓળખ. શ્રેણી-૭ : વૈજ્ઞાનિકો તથા ગણિતશાસ્ત્રીની ઓળખ. શ્રેણી-૮ : "Trees Best Friends" વક્તવ્ય. (અંગ્રેજી)

તા. ૩૧-૧૨-૨૦૧૬ : નવી-નવી થીમ પર કલાસદીઠ પ્રવૃત્તિઓ જેવી કે નાટક-વેશભૂષા - વક્તવ્ય.

તા. ૩૦-૧-૨૦૧૭ : ગાંધી નિર્વાણદિન નિમિત્તે 'અનુલેખન' સ્પર્ધા કરાઈ હતી. ચિત્રસ્પર્ધા, વેશભૂષા તથા વક્તૃત્વ સ્પર્ધા અને દેશભક્તિના ગીતોની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૭-૨-૨૦૧૭ : શ્રેણી ૧, ૨માં આપેલ મૂળાક્ષર પરથી શબ્દ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કર્યું હતું. જેના દ્વારા બાળકોના શબ્દભંડોળ વધે.

તા. ૨૮-૨-૨૦૧૭ : શ્રેણી-૩માં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણે વિષયમાં વાચન પ્રવૃત્તિ યોજવામાં આવી હતી.

**માર્ચ માસની દરરોજની પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે :**

તા. ૧-૩-૨૦૧૭ : શ્રેણી-૪માં રમત-ગમતમાં કોથળા-દોડની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨-૩-૨૦૧૭ : શ્રેણી-૫માં 'આડા અવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્ય બનાવો.' ભાષાકીય પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી.

તા. ૩-૩-૨૦૧૭ : શ્રેણી-૬માં નકશાવાચન પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી.

તા. ૪-૩-૨૦૧૭ : શ્રેણી-૭માં ગુજરાતી ગીતો, ભજનો, બાળગીતો વગેરે વિદ્યાર્થીઓએ માઈક પરથી ગાઈને સૌને ચકિત કરી દીધા હતા.

તા. ૬-૩-૨૦૧૭ : શ્રેણી-૫માં અંગ્રેજીમાં ભૂતકાળના રૂપો જણાવવા. પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

તા. ૭-૩-૨૦૧૭ : શ્રેણી-૧,૨ માં દેડકા હરીફાઈ યોજાઈ હતી.

તા. ૮-૩-૨૦૧૭ : શ્રેણી-૩માં 'અભિનયગીત'ની પ્રવૃત્તિ યોજાઈ હતી.

તા. ૯-૩-૨૦૧૭ : શ્રેણી-૪માં 'ગણિતગમ્મત' પ્રવૃત્તિ યોજવામાં આવી હતી.

તા. ૧૦-૩-૨૦૧૭ : શ્રેણી-૫માં 'અંગ્રેજી શબ્દોની પઝલ' પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

તા. ૧૧-૩-૨૦૧૭ : શ્રેણી-૬માં 'શીઘ્ર વક્તવ્ય' ગુજરાતી ઈતિહાસ અને ભૂગોળ' વિષયની જાણકારી આપી હતી.

તા. ૧૪-૩-૨૦૧૭ : શ્રેણી-૭ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વૈજ્ઞાનિકો વિશે સરસ માહિતી આપી હતી.

તા. ૧૫-૩-૨૦૧૭ : શ્રેણી-૮માં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્વાતંત્ર્યસેનાની વિશે સરસ માહિતી આપી હતી.

તા. ૧૬-૩-૨૦૧૭ : શ્રેણી - ૧,૨ ના બાળકોએ એકપાત્રીય અભિનય સરસ રીતે ભજવ્યો હતો.

તા. ૧૭-૩-૨૦૧૭ : શ્રેણી-૩માં અંગ્રેજીમાં વક્તવ્યની પ્રવૃત્તિ યોજાઈ.

તા. ૧૮-૩-૨૦૧૭ : શ્રેણી-૪માં શ્રુતલેખન બાળકો પાસે કરાવવામાં આવ્યું હતું.

તા. ૨૦-૩-૨૦૧૭ : શ્રેણી-૫માં બાળકોએ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો કર્યા હતા.

તા. ૨૧-૩-૨૦૧૭ : શ્રેણી-૬માં બાળકોએ આદિ કવિ તથા આદિ સંતો વિશે ટૂંકમાં માહિતી આપી હતી.

તા. ૨૩-૩-૨૦૧૭ : શ્રેણી-૭માં દડાફેંકની પ્રવૃત્તિ કરી હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

તા. ૨૪-૩-૨૦૧૭ : શ્રેણી-૮માં ત્રિપગી દોડની હરીફાઈ યોજવામાં આવી હતી. શ્રેણી-૧,૨માં સલાડ ડેકોરેશનની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી.

તા. ૨૫-૩-૨૦૧૭ : શ્રેણી-૩માં એક મિનિટ હરીફાઈ યોજાઈ હતી. જેમાં પિન માથામાં ભરાવવાની હતી.

તા. ૨૭-૩-૨૦૧૭ : શ્રેણી-૪માં અંગ્રેજી મૂળાક્ષર પરથી વાક્ય બનાવવા પ્રવૃત્તિ કરી હતી.

તા. ૨૮-૩-૨૦૧૭ : શ્રેણી-૫માં 'જાદુના ખેલ' બાળકો દ્વારા પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

તા. ૩૦-૩-૨૦૧૭ : શ્રેણી-૬માં દોરડી કૂદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૩૧-૩-૨૦૧૭ : શ્રેણી-૭માં ગણિત-કોયડા ઉકેલની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

તા. ૩૧-૩-૨૦૧૭ : શ્રેણી-૧ થી ૮માં ડબ્બા-પાર્ટી ઉજાણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રીતે ખૂબ જ સુંદર પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવામાં આવે છે. તેના પ્રોત્સાહનના ભાગરૂપે દર વર્ષે ગુજરાત વિદ્યાસભા દ્વારા દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહિત ઈનામો પણ આપવામાં આવે છે.

**આચાર્યાશ્રી**
**તૃપ્તિબેન એસ. શાહ**

*

# શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

**હ. કા. કૉલેજ કંપાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૨૬૫૮૮૮૬૨**

**સંચાલન :**

હેવાલવાળા વર્ષ દરમિયાન ભો.જે.વિદ્યાભવન ટ્રસ્ટ કાર્યવાહક સમિતિની બેઠક મળી ન હતી.

**અધ્યયન કાર્ય :**

સંસ્થામાં ગુજરાત યુનિવર્સિટી માન્ય ભારતીય સંસ્કૃતિ વિષયના અનુસ્નાતક અને પીએચ.ડી. કેન્દ્રમાં એમ.એ. સેમ-૧માં ૦૨, સેમ-૩માં ૦૩ અને સેમ.-૪માં ૦૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠાં હતાં. જેમના રીઝલ્ટ જાહેર થવાનાં બાકી છે.

**એમ.ફિલ. / પીએચ.ડી. માર્ગદર્શન :**

સંસ્થાના કાર્યકારી નિયામક ડૉ. રામજીભાઈ સાવલિયાના માર્ગદર્શન હેઠળ સંસ્થામાં કુલ ૧૧ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ વિષયમાં પીએચ.ડી. માટે નોંધાયેલ. જે પૈકી ૦૪ વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૬-૧૭માં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે.

એમ.ફિલ. કક્ષાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ઇતિહાસ વિષયમાં ૦૩ અને પીએચ.ડી. પદવી માટે ૦૩ વિદ્યાર્થીઓ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાં ૦૩ વિદ્યાર્થીઓ એમ.ફિલ.નો અભ્યાસ કરી રહ્યાં છે.

સંસ્થાના પૂર્વ વિદ્યાર્થિની જિજ્ઞા ગૌદાનાએ જુનિયર ફેલોશીપ અંતર્ગત ''ભો.જે. વિદ્યાભવનમાં જળવાયેલ ૧૮મા - ૧૯મા સૈકાની સચિત્ર હસ્તપ્રત વિષય ઉપર અધ્યયન સંશોધનની કામગીરી ડૉ. આર.ટી.સાવલિયાના માર્ગદર્શન હેઠળ પૂરી કરેલ છે.

**પ્રકાશન :**

પુરાતત્ત્વ ખાતુ, ગુજરાત રાજ્ય તરફથી મળેલ અનુદાન અંતર્ગત ''વિશ્વ વિરાસત ગુજરાતની અસ્મિતા રાણીવાવ, પાટણ'' પુસ્તક ૨૦૧૭માં સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું.

'સામીપ્ય' સંસ્થાના સંશોધન સામયિકના પુ. ૩૧, અંક ૧-૪ (એપ્રિલ ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૫ સુધી)નાં પ્રકાશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

**પુસ્તકાલય :**

૧૬૯ વર્ષ જૂના ગ્રંથાલયના એક ભાગમાં શ્રી મણિલાલ પરીખ વાચનાલયની સગવડ ઊભી કરવામાં આવી છે. જેનો સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરાંત ગુજરાત, ભારત અને પરદેશની વિવિધ યુનિવર્સિટીઓ તેમજ સંશોધન સંસ્થાઓના સંશોધકો, મહાનુભાવો લાભ લે છે.

**મ્યુઝિયમ પ્રવૃત્તિ :**

સંસ્થામાં જળવાયેલ પ્રાચીન અવશેષો, તામ્રપત્રો, સિક્કાઓ, હસ્તપ્રતો, દુર્લભ ગ્રંથો, શિલ્પો વગેરેની

યોગ્ય જાળવણી કરવામાં આવે છે. સમયાંતરે પ્રસંગોપાત આ વારસા અંગેની માહિતી તેમજ પ્રદર્શનનું આયોજન કરી જનસમૂદાય સુધી માહિતી પહોંચાડવામાં આવે છે.

૧. 'રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણી' નિમિત્તે ''બાળસાહિત્ય પ્રદર્શન' તા. ૧૫-૨૦ એપ્રિલ, ૨૦૧૬.

૨. 'વિશ્વ યોગ દિવસ' પ્રસંગે સંસ્થાના હસ્તપ્રત વિભાગમાં જળવાયેલ યોગ સંદર્ભની પ્રાચીન હસ્તપ્રતોનું પ્રદર્શન. તા. ૨૦ થી ૨૨, જૂન, ૨૦૧૬.

૩. 'કૃષ્ણ જન્માષ્ટમી' નિમિત્તે 'દેવભૂમિ દ્વારકા'' વિશેનું પ્રદર્શન. તા. ૨૪ થી ૩૧ ઑગસ્ટ, ૨૦૧૬.

૪. 'પર્યુષણ પર્વ' પ્રસંગે ''જૈનધર્મ-દર્શન પ્રદર્શન'' તા. ૧ થી ૫ સપ્ટેમ્બર, ૨૦૧૬.

૫. 'નવરાત્રી મહોત્સવ' અંતર્ગત 'શક્તિદર્શન પ્રદર્શન'' તા. ૧ થી ૧૦ ઑક્ટોબર, ૨૦૧૬.

૬. 'ગુજરાત વિદ્યાસભા સ્થાપના દિન' - ૧૬૯ નિમિત્તે 'ગુજરાત વિદ્યાસભાના ઇતિહાસની ઝાંખી' પ્રદર્શન. તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર, ૨૦૧૬.

૭. 'માતૃભાષા દિન' નિમિત્તે ''ગુજરાતી ભાષાનો વિકાસક્રમ'' પ્રદર્શન, તા. ૨૧ થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૭.

## શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કોમર્સ કોલેજ

### આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૨૬૫૮૯૯૬૧

વર્ષ દરમ્યાન શ્રી એચ.કે. કોમર્સ કોલેજ દ્વારા શૈક્ષણિક, સાંસ્કૃતિક, બૌદ્ધિક, સામાજિક સેવાકીય NCC - વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો અને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓના વિકાસ માટે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

તા. ૩૧ ઓગસ્ટ, ૧૯૧૬ના રોજ Women's Development Cell દ્વારા ૧૮૧ મહિલા સુરક્ષા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. ACP પન્નાબેન મોમાયા તેમજ GLS લૉ કોલેજના પ્રિન્સીપાલ શ્રીમતી મયુરીબેન પંડ્યા આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે અને સ્વરક્ષણ કેવી રીતે કરવું તે અંગે તાલીમ અને Domenstration પણ આપવામાં આવ્યું હતું. આશરે ૨૦૮ થી વધુ બહેનોએ આ તાલીમનો લાભ મેળવ્યો હતો.

તા. ૨૧ જૂનના રોજ વિશ્વયોગ દિવસ નિમિત્તે શ્રી એચ.કે. આર્ટ્સ, એચ.કે. કોમર્સ કૉલેજ અને બી.બી.એ. સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોગનું આયોજન કરવામાં આવ્યું.

શ્રી એચ.કે. કોમર્સમાં વિશ્વયોગ દિવસ પછી એક સપ્તાહના યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શિબિરના અંતે સર્ટીફિકેટ આપવામાં આવ્યા.

સહકાર સેમિનાર ૧ ઑગસ્ટ થી ૬ ઓગસ્ટ ૨૦૧૬ દરમ્યાન યોજાયો. જેમાં ૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

તા. ૧૩ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ NSSના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય અંગદાન દિવસનું આયોજન થયું જેમાં નિષ્ણાત ડૉક્ટરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમ ''શતાયુ'' સંસ્થાના અને લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના સહયોગમાં યોજવામાં આવ્યો.

એચ.કે. આર્ટ્સ કૉલેજ દ્વારા આયોજિત NSS ગ્રામોત્થાન શિબિરમાં અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

''વર્લ્ડ કેન્સર અવેરનેશ ડે''નું ઉજવણી કરવામાં આવી. જેમાં HCG હૉસ્પિટલના કેન્સર વિભાગના વડા ડૉ. આશિષ કૌશલ તેમજ Intas Pharma Ltd.ના અધિકારીઓએ આ પ્રસંગે માર્ગદર્શન આપ્યું.

તા. ૧૫-૮-૨૦૧૬ અને તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ યોજાયેલા રાષ્ટ્રીય કાર્યક્રમોમાં NCC, NSS, અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિ પર આધારીત ગીતો, નૃત્ય વગેરે રજૂ કર્યા.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલ એલિસબ્રિજ ઝોન ઉત્તર વિભાગમાં વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં, ઓન ધ સ્પોટ On the Spot Painting, Claymodelling, Mime અને Skil સ્પર્ધામાં આપણી કૉલેજના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા.

તેમજ આંતર ઝોનલ કક્ષાની સ્પર્ધામાં પણ On the Spot Painting અને Clay modelling વિજેતા પણ બન્યા.

બધી જ પ્રૃત્તિઓમાં વિદ્યાર્થીઓને અધ્યાપકશ્રીઓ અને આચાર્યશ્રી દ્વારા સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

JG College of Commerce દ્વારા આયોજિત આંતર કૉલેજ શેરી નાટક સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓએ દ્વિતીય પારિતોષિક મેળવ્યું. આ સ્કીટને ભજવવા માટે સોલા ભાગવત વિદ્યાપીઠ દ્વારા નિમંત્રણ મળવાને કારણે સોલા ભાગવત વિદ્યાપીઠમાં પણ સ્કીટ ભજવાઈ.

SAL Inst. દ્વારા આયોજિત Skit, Treasure hunt, Galli Cricket વગેરે સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ ખૂબ સુંદર દેખાવ કર્યો.

RB Institute દ્વારા આયોજિત નૃત્ય, સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ઈનામ પણ મળ્યું.

ગણપત યુનિવર્સિટીમાં આપણી કૉલેજના વિદ્યાર્થીઓ માટે તા. ૧૧-૧૨-૨૦૧૬ના રોજ LAF "Lectures Advertisement and Fun" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ શાહીબાગ શહીદ સ્મારક ખાતે Lions Clubs Internationalના 1st Vice President શ્રી નરેશ અગ્રવાલની ઉપસ્થિતિમાં આપણા NCCના વિદ્યાર્થીઓ દ્વારા શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ વિજાપુર ખાતે "Wheat Research" સ્ટેશન ખાતે વિદ્યાર્થીઓ અને આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યાપકો દ્વારા Academic Visitનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ઘઉંના સંશોધનમાં આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓના ઉપયોગ અને તે દ્વારા મેળવેલ પરિણામોની જાણકારી મેળવી હતી.

તા. ૨૯-૬-૨૦૧૬ના રોજ Statistics ના દિવસે ગુજરાત સરકાર તરફથી સેમિનારનું આયોજન થયું હતું. આ દિવસે મુખ્ય વિષય આંકડાશાસ્ત્રના ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને આંકડાશાસ્ત્ર વિભાગ તરફ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ પ્રોજેક્ટ – "Child Labour" નું Presentation રજૂ કર્યું હતું. આ પ્રોજેક્ટને પ્રોત્સાહનરૂપે રોકડ રકમ મળેલ હતી. પ્રોજેક્ટનું ખૂબ પ્રશંસા થયેલ હતી.

વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ તેમજ રોજગારલક્ષી કાર્યક્રમો, સેમિનાર યોજાયા. અનેક કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે Job Placement કાર્યક્રમ યોજાયા. જેમાં ખાસ કરીને નામાંકિત કંપનીઓ જેવી કે Tata Consultancy Services, ICICI Ltd. અને Gujarat Tea Processors Ltd. (વાઘબકરી ચાના ઉત્સાપકો દ્વારા વિદ્યાર્થીઓનું Campus Placement કરવામાં આવ્યું.

### ૪૯મો વાર્ષિકોત્સવ

તા. ૬ એપ્રિલ, ૨૦૧૭ના રોજ કૉલેજનો ૪૯મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના I/C. કુલપતિશ્રી ડૉ. હિમાંશુભાઈ પંડ્યા તેમજ અતિથિ વિશેષ તરીકે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ District 323-B ના ડિસ્ટ્રીક્ટ ગવર્નર ડૉ. યોગેશભાઈ દવે અને ગુજરાત વિદ્યાસભા - બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના મા.મંત્રીશ્રી અંબરીષભાઈ શાહ હાજર રહી શૈક્ષણિક તેમજ ઈતર પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે અનેક વિદ્યાર્થીઓને ટ્રોફી, મેડલ, રોકડ ઈનામ, પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.

**પ્રિ. ડૉ. ગોપાલ ભટ્ટ**

## બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન

### આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૬૫૪૧૫૫૮૦

તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ એંશી વર્ષ પૂર્ણ કરી ચૂકેલી શ્રી બ્રહ્મચારી વાડી ઈન્સ્ટિટ્યૂટ ઑફ સંસ્કૃત સ્ટડીઝ વર્ષ દરમ્યાન શૈક્ષણિક અને વિદ્યાકીય એવી અનેક પ્રવૃત્તિઓની જોડાયેલી રહી. જુલાઈ-૨૦૧૬માં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમોમાં આ પ્રમાણે પ્રવેશની સ્થિતિ રહી.

| | | |
|---|---|---|
| મંદિર વ્યવસ્થાપન ડિપ્લોમા | : | ૧૯ |
| ડિપ્લોમા વાસ્તુશાસ્ત્ર | : | ૧૨ |
| ડિપ્લોમા જ્યોતિષ | : | ૧૬ |
| ડિપ્લોમા કર્મકાંડ | : | ૧૩ |

આમ, કુલ ૬૦ વિદ્યાર્થીઓએ સંસ્થામાં પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. એ જ પ્રમાણે યુનિવર્સિટી દ્વારા ૨૦૧૫-૧૬નું પરિણામ ખૂબ સારું રહ્યું. સંસ્થામાંથી કુલ બાર વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ મેળવી ચૂક્યા છે. ઉચ્ચશિક્ષણ વિભાગ દ્વારા કરાતા સર્વે, AISHE માં પણ આ અંગેની સર્વ નોંધ લેવામાં આવી છે. ચાલુ વર્ષે શ્રી પ્રકાશભાઈ ડી. રાવલ, શ્રી મનોજકુમાર દવે, શ્રી ભાર્ગવીબેન ભટ્ટ, શ્રી મકરંદભાઈ ઠાકર, શ્રી રવિ રાવલ, શ્રી ભરત રાજ્યગુરુ અને શ્રી મુકેશ પઢિયારે મુલાકાતી અધ્યાપક તરીકે સેવા આપી હતી.

સંસ્થાની શિક્ષણેતર એવી વિદ્યાકીય પ્રવૃત્તિઓની નોંધ :

**જ્યોતિષ ડિપ્લોમાં કરેલ છાત્રોને રોજગારી :**

અમદાવાદ ખાતે જ્યોતિષનું કૉલ સેન્ટર ચલાવતી ખાનગી પેઢી, અરિહંત નેનોસોફ્ટેક ઇન્ડિયા પ્રા.લી. દ્વારા મે-૨૦૧૬ની તા. ૧૭ અને ૧૮ દરમ્યાન આપણી સંસ્થામાં ઇન્ટર્વ્યૂનું આયોજન થયેલ. તેમાં આપણે ત્યાં અભ્યાસ કરી ચૂકેલ ત્રણ છાત્રોને પસંદ કરવામાં આવ્યા હતાં. આ આયોજન અરિહંત નેનો વતી શ્રી વિનયભાઈ ભટ્ટ તથા સંસ્થાવતી શ્રી પ્રકાશભાઈ રાવલ દ્વારા કરવામાં આવેલ.

**રૂદ્રાષ્ટાધ્યાયી વર્ગ :**

દર વર્ષની જેમ આ વર્ષે પણ મે-૨૦૧૬ના પ્રથમ સપ્તાહથી સંસ્થામાં નિઃશુલ્ક રૂદ્રાષ્ટાધ્યાયીનો વર્ગ લેવાયો હતો. તેનું સમગ્ર સંચાલન અને અધ્યાપન શ્રી શ્રીધરભાઈ વ્યાસે કરેલ. આપણી સંસ્થાના છાત્રો ઉપરાંત અનેક વેદ-રસિકોએ આ વર્ગનો લાભ લીધો હતો. આ વર્ષે પ્રા.ડૉ. શ્રી કૃષ્ણકાન્તભાઈ કડકિયાના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'વેદ માધુર્ય' પુસ્તક પણ દરેકને ભેટ આપવામાં આવ્યું હતું.

**સંભાષણ વર્ગ :**

ઑગસ્ટ-૨૦૧૬ના પ્રથમ સપ્તાહમાં સંસ્થામાં સંભાષણ વર્ગ યોજવામાં આવ્યો હતો. તેમાં વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વાતચીત કરવા માટેનું પ્રાથમિક જ્ઞાન આપવામાં આવ્યું હતું.

**શાસ્ત્ર સમર્ચન સત્ર :**

તા. ૨૪ અને ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ દરમ્યાન શ્રી પ્રેરણાપીઠ, પીરાણા ખાતે બે દિવસનું શાસ્ત્ર સમર્થન સત્ર યોજવામાં આવેલ. તેમાં આપણી સંસ્થાના છાત્રો અને અધ્યાપકોએ સંયુક્ત રીતે કરેલ અભ્યાસની પ્રસ્તુતિ કરી હતી. બે દિવસની આવાસીય શિબિરમાં લગભગ ૧૨ જેટલાં વિવિધ શાસ્ત્રગ્રંથોનો સાર રજૂ કરવામાં આવેલ. જે આ મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | બૃહદ વાસ્તુ મંજૂષા | શ્રી કશ્યપ કોન્ટ્રાક્ટર | (વાસ્તુશાસ્ત્ર) |
| ૨. | અગ્નિપુરાણ | શ્રી ભાર્ગવ અધ્વર્યુ | (પુરાણ) |
| ૩. | નિર્ણયસિન્ધુ | શ્રી રૌનક વ્યાસ | (ધર્મશાસ્ત્ર) |
| ૪. | મુહૂર્ત માર્તંડ | શ્રી હેમિલ લાઠિયા | (જ્યોતિષ) |
| ૫. | શૂલ્બસૂત્ર | શ્રી હેમાંગ ત્રિવેદી | (વેદાંગ) |
| ૬. | સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ | શ્રી જોલી વૈદ્ય | (વનસ્પતિશાસ્ત્ર) |
| ૭. | હિન્દુ સંસ્કાર | શ્રી મકરંદ ઠાકર | (ધર્મશાસ્ત્ર) |
| ૮. | ભારતીય જ્યોતિષ | શ્રી પ્રકાશ રાવલ | (જ્યોતિષ) |

| | | | |
|---|---|---|---|
| ૯. | તાજીક નીલકંઠી | શ્રી મનોજ દવે | (જ્યોતિષ) |
| ૧૦. | સરલ જન્મપત્રી વિધાન | શ્રી નિરંજના જોશી | (જ્યોતિષ) |
| ૧૧. | શ્રીમદ્ ભગવદ્ ગીતા | શ્રી મનોરમા પટેલ | (પુરાણ) |
| ૧૨. | આર્ય ભિષક | ડૉ. શ્રી જય ઉપાધ્યાય | (આયુર્વેદ) |

આ કાર્યક્રમનો શુભારંભ જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજશ્રી (પ્રેરણાપીઠાધીશ) દ્વારા કરવામાં આવેલ. આ આયોજન જ્યોતિર્મય ટ્રસ્ટના સહકારથી સમ્પન્ન થયું હતું.

**શિક્ષણ પૂરક વ્યાખ્યાનો :**

સંસ્થામાં ચાલતા વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને વર્ષ દરમ્યાન બે વ્યાખ્યાન રાખવામાં આવેલા. જે પૈકી તા. ૭-૧૨-૨૦૧૬ના રોજ મંદિર અને ગૌવિજ્ઞાન વિષય ઉપર ડૉ. શ્રી વિક્રમભાઈ ઉપાધ્યાય અને તા. ૬-૧૨-૨૦૧૭ના રોજ ખગોળ પરિચય વિષય ઉપર શ્રી સિદ્ધાર્થ શાસ્ત્રીજીનું વ્યાખ્યાન રાખવામાં આવેલ.

**સંસ્કૃત સંભાષણ વર્ગ :**

દર વર્ષની જેમ આ વર્ષે તા. ૯-૯-૨૦૧૬ થી તા. ૧૭-૯-૨૦૧૬ દરમ્યાન દસદિવસીય સંભાષણ વર્ગનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્કૃતભારતી સંસ્થાના કાર્યકર્ત્રી શ્રી અમીબહેન ગોહિલે પોતાની અમૂલ્ય સેવા આપી હતી. વિદ્યાર્થીઓએ સોત્સાહ આ વર્ગમાં ભાગ લીધો હતો.

**ઈનામ વિતરણ :**

તા. ૨૫-૬-૨૦૧૬ના રોજ વિવિધ ડિપ્લોમાં પરીક્ષામાં શ્રેષ્ઠત્તમ પરિણામ લાવનાર છાત્રોને પુસ્તકભેટ આપીને તેમની વિદ્યાસાધનાને બિરદાવવામાં આવેલ. આ આયોજન શ્રી શ્રીધરભાઈ વ્યાસ તથા અધ્યાપકગણ દ્વારા કરવામાં આવેલ.

**દૂરદર્શન ઉપર નવરાત્રી દરમ્યાન રજૂઆત :**

શ્રી શ્રીધરભાઈ વ્યાસની નિશ્રામાં વર્ષ ૨૦૧૬ની આસો નવરાત્રી દરમ્યાન દરરોજ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા મંત્રોચ્ચારની રજૂઆત થઈ હતી.

## બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન

બ્રહ્મચારીવાડી ટ્રસ્ટ ના નેજા હેઠળ ચાલતી બ્રહ્મચારીવાડી ટ્રસ્ટ ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ એડ્મીનીસ્ટ્રેશન કોલેજ under graduate level પર મેનેજમેન્ટ કોર્ષ ચલાવે છે. કોલેજ સ્થાપનાના ૧૭ વર્ષ પુરા કરી ૧૮ માં વર્ષમાં પદાર્પણ કરી રહી છે તે સાથે સંસ્થા ની વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિઓમાં સતત વધારો થયો છે. કોલેજ સાંસ્કૃતિક, રમત ગમત, સામાજિક પ્રવૃતિઓ, કારકિર્દીલક્ષી તથા મેનેજમેન્ટ અભ્યાસલક્ષી પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ફાળો આપે છે.

**૧) મેનેજમેન્ટમાં અભ્યાસલક્ષી પ્રવૃતિઓ :** મેનેજમેન્ટ ના વિષયોનું પ્રેક્ટીકલ જ્ઞાન મળે તે માટે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃતિઓ જેવી કે Ad-mad show, Business plan, Management quiz

માટે પ્રેક્ટીસ કોલેજ ના અધ્યાપકો કરાવે છે. આમાંથી ચૂંટેલા વિદ્યાર્થીઓને અમદાવાદની જુદી જુદી કોલેજો દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં મોકલવામાં આવે છે. Ad-mad (જાહેરાત બનાવવા) સ્પર્ધા તે એક બહુ પ્રચલિત business competition છે જેમાં વિદ્યાર્થીઓની ટીમે સૌપાયેલ વસ્તુ માટે Jingle & Television Advertisement રજુ કરવાની હોય છે. ૨૦૧૬-૧૭ ના વર્ષ દરમિયાન સાલ સંસ્થા દ્વારા યોજાયેલી સાલ સિનર્જી સ્પર્ધા માં આપણી કોલેજની બે બે ટીમે ભાગ લીધો અને તે બંને ટીમ પ્રથમ તથા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. તે જ રીતે આર.બી. સંસ્થા દ્વારા યોજાયેલ RB Tech Fest સ્પર્ધા માં આપણી કોલેજની ૧ ટીમે ભાગ લીધો હતો અને તે ટીમ પ્રથમ આવી. National Institute of Co-operative Management ચNICMૃ દ્વારા યોજાયેલી NICM- Arohan 2017 સ્પર્ધામાં કુલ ૪ ટીમો એ Ad-mad સ્પર્ધા માં ભાગ લીધો જેમાંથી બે ટીમોએ દ્વિતીય તથા તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

૨) રામચંદ્ર મિશન દ્વારા યોજાતી નિબંધ સ્પર્ધામાં આપણી કોલેજના વિદ્યાર્થીઓ છેલ્લા ૩ વર્ષથી ભાગ લે છે. ચાલુ વર્ષે કુલ ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં એક વિદ્યાર્થીની ઉત્તર વિભાગ માં પ્રથમ સ્થાને આવી અને બીજા બે વિદ્યાર્થીઓ Institute level વિજેતા બન્યા.

૩) સી યુ શાહ સીટી કોમર્સ કોલેજ દ્વારા યોજાયેલ નિબંધ સ્પર્ધા માં પણ આપણી કોલેજની વિદ્યાર્થીની ત્રણ પ્રતિસ્પર્ધીમાંથી  લેખિત નિબંધમાં પ્રથમ સ્થાને આવી.

૪) ગુજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં આપણા કુલ ૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં આપણી વિદ્યાર્થિની એ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

૫) National Institute of Co-operative Management [NICM] દ્વારા યોજાયેલી ચર્ચા માં NICM- Arohan અંતર્ગત આપણા કુલ ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાંથી આપણા બે વિદ્યાર્થીઓની ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

૬) સાલ સંસ્થા દ્વારા યોજાયેલી સાલ સિનર્જી સ્પર્ધા અંતર્ગત આપણા કુલ ૪ વિદ્યાર્થીઓએ Best out of Waste સ્પર્ધામાં ભાગ લીધો જે પૈકી ૨ વિદ્યાર્થીઓની ટીમ પ્રથમ વિજેતા બની. તદુપરાંત રંગોળી સ્પર્ધામાં પણ ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાંથી ૨ વિદ્યાર્થી ની ટીમ પ્રથમ વિજેતા બની. સાલ સંસ્થાની વધુ એક સ્પર્ધા Tug of War માં કુલ૦ ટીમોએ ભાગ લીધો જેમાં આપણી ૬ વિદ્યાર્થીઓની ટીમ પ્રથમ વિજેતા બની. NICM દ્વારા યોજાયેલ રંગોળી સ્પર્ધામાં પણ આપણા ૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો જેમાં બે વિદ્યાર્થીઓની ટીમે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

આરબી સંસ્થા દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધા પૈકી Treasure Huntમાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને આપણા ૩ વિદ્યાર્થીઓની ટીમ દ્વિતીય સ્થાને આવી. બીજી એક સ્પર્ધા COLLAGE MAKINGમાં પણ કુલ ૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં તેઓએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

NICM દ્વારા યોજાયેલ પોસ્ટર મેકિંગ, Face Painting  અને selfie king સ્પર્ધાઓમાં પણ કુલ ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં પોસ્ટરમેકિંગમાં તૃતીય, Face Paintingમાં તૃતીય તથા selfie kingમાં પ્રથમ સ્થાને રહ્યા. NICM ની વધુ એક singing સ્પર્ધા માં ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમાં એક વિદ્યાર્થીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

ગણપત યુનીવર્સિટી એ યોજેલ T-Shirt painting સ્પર્ધા માં પણ આપણા ૩ વિદ્યાર્થીઓની ટીમે

દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. KS Institute- Gujarat University **દ્વારા યોજાયેલ** Tech test અંતર્ગત મિત દેસાઈને ફોટોગ્રાફીમાં તૃતીય ઇનામ મળ્યું.

શાયોના સંસ્થા દ્વારા યોજાયેલ Tug of War સ્પર્ધા માં ૮ વિદ્યાર્થીઓની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. આપણી કોલેજના વિદ્યાર્થી દીપ સોની એ RAJIM KUMBH MELA KALP – 2017 માં વ્યક્તિગત રૂપે ફોક ડાન્સમાં ભાગ લીધો.

આ ઉપરાંત કોલેજના નેજા હેઠળ દર વર્ષે નવા વિદ્યાર્થીઓને આવકારવા માટે વેલકમ પાર્ટીનું આયોજન દ્વિતીય તથા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. જેમાં નવા વિદ્યાર્થીઓનો આવકાર અભિવાદન સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કરવામાં આવે છે. નવા વિદ્યાર્થીઓને કોલેજ, અભ્યાસક્રમ, મૂલ્યાંકન તથા હાજરીની પધ્ધતિ થી કોલેજના પ્રોફેસરો દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

કોલેજમાં સમયના પ્રવાહ તથા વિદ્યાર્થીઓની રુચીને ધ્યાન માં લઈને દર વર્ષે ૩ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. તે અંતર્ગત Black & White Day, Executive Day & Traditional Dayની ઉજવણી ડિસેમ્બર મહિનામાં કરવામાં આવે છે. Traditional Day ને એક સ્પર્ધા ના રૂપમાં આયોજવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ પરંપરાગત પોષાકમાં સજ્જ થઈને આવે છે. આ વર્ષે આપણી કોલેજના ૧૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો જેમાં પુરુષોના પોષકમાં ગીરીશ ગંગવાની તથા ખુશ્બુ અસરાની પ્રથમ તથા દ્વિતીય ક્રમે રહ્યા. સ્ત્રીઓના પોશાકની શ્રેણીમાં નેવે કાજલ, પ્રીન્સી શંખલા તથા સાજીદા માલેકબાનુ અનુક્રમે પ્રથમ, દ્વિતીય તથા તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. દર વર્ષે ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવે છે જેમાં પણ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લેતા હોય છે. આપણી કોલેજ શિક્ષક દિન ની ઉજવણી ને પણ સ્પર્ધા ના સ્વરૂપમાં યોજે છે જેમાં શિક્ષક ના રોલમાં વિદ્યાર્થીઓનું અધ્યાપકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. અને દિવસ ના અંતે તેનું પરિણામ જાહેર કરવામાં આવે છે. પરિણામના સમયે વિદ્યાર્થીઓને પ્રતિભાવો પણ આપવાનો મોકો આપવામાં આવે છે. આ વર્ષે શિક્ષક દિનમાં નેત્રા તીલ્વે પ્રથમ સ્થાને, ગીરીશ ગંગવાની દ્વિતીય સ્થાને તથા નકવી શાને રઝા તૃતીય સ્થાને રહ્યા.

આપણી કોલેજ ની સ્થાપના બાદ વર્ષ ૨૦૦૯-૧૦ માં પ્રથમ વખત Mr. & Miss BWTIBA સ્પર્ધા યોજવામાં આવી હતી. ચાલુ વર્ષે પણ આ સ્પર્ધા યોજવામાં આવી હતી. પરંપરાગત Mr. & Miss સ્પર્ધામાં મુખ્યત્વે બાહ્ય પરિવેશને ધ્યાનમાં લઈને ઉમેદવારનું મૂલ્યાંકન થતું હોય છે. આપણી કોલેજમાં આ સ્પર્ધાને Business Management ના વિદ્યાર્થીઓને અનુલક્ષીને એક સર્જનાત્મક સ્વરૂપે હાથ ધરાય છે. આ સ્પર્ધાનું કુલ ગુણ ૧૦૦ હોય છે જેમાં બાહ્ય મૂલ્યાંકન ના ૩૦% ગુણાંક અને બાકીના ૭૦% ગુણાંક જેવાકે વિદ્યાર્થીની હાજરી અને નિયમિતતા, અન્ય વિદ્યાર્થીઓ સાથે નો rappo અને સંબંધો અને બીજા ટેલેન્ટ જેવા કે ગાયન, નૃત્ય, ફોટોગ્રાફી, મિમિક્રી, સામાજિક પ્રવૃતિઓમાં યોગદાન, વાક્ચાતુર્ય, અભ્યાસનું પરિણામ ને અનુલક્ષીને ઉમેદવારનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

Mr. & Miss BWTIBA સ્પર્ધા અંતર્ગત કુલ ૬ પરિમાણો સામાજિક કાર્ય, વકતૃત્વ ટેલેન્ટ, ક્લાસ રીવ્યુ, હાજરી તથા શૈક્ષણિક પરિણામને આવરી લેવાયા હતા. જેમાં કુલ ૧૩ ઉમેદવારોએ ઉત્સાહભેર ભાગ લીધો અને ઉપર્યુક્ત વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો. વિદ્યાર્થીઓના સામાજિક કાર્યોમાં ગરીબ બાળકોને શિક્ષણ આપવું, વૃદ્ધાશ્રમની મુલાકાત, ગરીબ લોકોને અનાજ સહાય વગેરે પ્રવૃતિઓ સામુહિક રીતે કરી અને તેનું video recording પણ કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ કર્યું. ફોટોગ્રાફી સ્પર્ધા અંતર્ગત ઉમેદવારોને care &

awareness વિષય આપવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીઓની ફોટોગ્રાફી પ્રત્યેની રુચિ તથા કૌશલ્ય નીખરી ઉઠ્યા. Mr. & Miss BWTIBA નો છેલ્લો રાઉન્ડ સંસ્થાના વાર્ષિકોત્સવ સાથે સાંકળી લેવાયો જેમાં ૩ રાઉન્ડ પરંપરાગત પોષક, પાશ્ચાત્ય પોષક અને સવાલ જવાબનો સમાવેશ કરાયો. સ્પર્ધાને અંતે Mr. BWTIBAનો તાજ દેસાઈ મિત (તૃતીય વર્ષ) તથા Miss BWTIBAનો તાજ નેત્રા તીલ્વે (દ્વિતીય વર્ષ)ના ફાળે ગયો. ગંગવાની ગીરીશ Mr. BWTIBA રનર અપ અને ત્રિવેદી નીસર્ગી Miss BWTIBA રનર અપ બન્યા.

વાર્ષિકોત્સવમાં કોલેજમાં સૌથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્પથી નવાજવામાં આવે છે જેમાં તલરેજા સુમન (સેમેસ્ટર ૧), સુથાર નવીદ (સેમેસ્ટર૨ અને ૩), ચાવડા રચના (સેમેસ્ટર ૫), પટેલ અતેકા (સેમેસ્ટર ૪), અને યાદવ મધુ (સેમેસ્ટર ૬)માં કોલેજ માં પ્રથમ રહ્યાં.

છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને બીબીએ પછી કારકિર્દી માર્ગદર્શન માટે સેમીનાર પ્રેઝન્ટેશનનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. placementની વ્યવસ્થા માટે આ વર્ષે કોલેજે placement weekનું ફેબ્રુઆરી માસ માં આયોજન કર્યું હતું. જેમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુલ કંપનીઓ TCS, ICICI, KOTAK, Flourish Finserve & N9 Jobs. Campus Recruitment માટે વિદ્યાર્થી અને કંપની વચ્ચે સંવાદ તથા ઈન્ટરવ્યુંનું આયોજન કરાયું.N9 Jobs placement consultant કંપનીના કુલ ૧૪ વિદ્યાર્થીઓને જોબ ઓફર મળી. Flourish Finserve કંપની એ ૭ વિદ્યાર્થીઓને તથા ICICI અને KOTAK કંપનીએ અનુક્રમે કુલ ૧૨ અને ૧૨ વિદ્યાર્થીઓને જોબ ઓફર કરી. આ બધીજ કંપનીઓએ સરેરાશ ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ રૂપિયા સુધીના માસિક પગારની ઓફર કરી હતી જે સંસ્થા માટે ખુબ જ ગૌરવની વાત છે. બીબીએ પછી નોકરીમાં રસ ધરાવતા લગભગ તમામ વિદ્યાર્થીઓનું placement (100%) સંસ્થા દ્વારા કરવામા આવ્યું, જેનો કોલેજને આનંદ અને ગર્વ છે.

## ‘મારી માતૃભાષા : મારા ગીત-ગઝલ’ - શ્યામલ - સૌમિલની ગીતસંધ્યા

















## ગુજરાત વિદ્યાસભા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત

## વિદ્યાપર્વ (તા. ૨૬, ૨૭ ડિસેમ્બર, ૨૦૧૬)






વિદ્યાપર્વ નિમિત્તે ઉપસ્થિત મહાનુભાવો



શ્રી મકરંદ મહેતાનું અભિવાદન કરતા પ્રમુખશ્રી બાલકૃષ્ણ દોશી



યોગેશ ગઢવીનું અભિવાદન કરતા પ્રમુખશ્રી બાલકૃષ્ણ દોશી

## અભિવાદન





**ગુજરાત વિદ્યાસભા આયોજિત 'દસ્તાવેજ સંગ્રહ' ગ્રંથ વિમોચન**
**(તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૬)**






## ગુજરાત વિદ્યાસભા - બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓ

૧. રા. બ. રણછોડલાલ છોટાલાલ પ્રાથમિક કન્યાશાળા
૨. રા. બ. રણછોડલાલ છોટાલાલ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા
૩. શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન
૪. શ્રી બ્રહ્મચારીવાડી સંસ્કૃત પાઠશાળા
૫. શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ
૬. શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ
૭. બ્રહ્મચારીવાડી ટ્રસ્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.)
૮. પ્રેમાભાઈ હૉલ
૯. ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ (એચ. કે. હૉલ)

**બુક-પોસ્ટ**

રવાના :
**ગુજરાત વિદ્યાસભા**
એચ. કે. કૉલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન : (૦૭૯) ૨૬૫૮૨૦૮૮

**શ્રી,**


પ્રકાશક : **શ્રી અંબરીષ શાહ**, માનાર્હ મંત્રી, ગુજરાત વિદ્યાસભા, એચ.કે. કૉલેજ કેમ્પસ, અમદાવાદ-૯
મુદ્રક : ક્રિષ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૧૩, ફોન : ૨૭૪૯૪૩૯૩